ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

https://gpssb.gujarat.gov.in

બ્લોક નં-ર, પાંચમો માળ, કર્મયોગી ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર

હેલ્પલાઇન નંબરઃ-૦૭૯-૨૩૨૫૮૫૬૩

## જાહેરાત ક્રમાંક ૧૩/૨૦૨૧-૨૨ અધિક મદદનીશ ઇજનેર(સિવીલ) સંવર્ગના ઉમેદવારો માટે અગત્યની જાહેરાત

જાહેરાત ક્રમાંક ૧૩/૨૦૨૧-૨૨ અધિક મદદનીશ ઇજનેર(સિવીલ) સંવર્ગની સીધી ભરતીની જાહેરાત સંદર્ભે નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ **R/S.C.A.5397 of 2022** તથા **R/S.C.A.5620 of 2022** માં નામદાર હાઇકોર્ટના ઓરલ ઓર્ડર અન્વયે ડીગ્રી ઇન સીવીલ એન્જીનીયરીંગની લાયકાત ધરાવતા ઉમેદવારોની ફીજીકલ એપ્લીકેશન સ્વીકારવા મંડળને આદેશ થયેલ છે.

૨. આ પરત્વે જે પીટીશનર/ઉમેદવારો કે જેમણે નામદાર હાઇકોર્ટના **R/S.C.A.5397 of 2022** તેમજ **R/S.C.A.5620 of 2022** ના ઓરલ ઓર્ડર અન્વયે ફીજીકલ અરજી મંડળ સમક્ષ રજુ કરેલ છે, તેવા તમામ ઉમેદવારને તેમની અરજીના આધારે સદર જગ્યા માટેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે “કામચલાઉ પ્રવેશ” (પ્રોવીઝનલ એડમીશન) આપવાનું મંડળે ઠરાવેલ છે. આવા ઉમેદવારોનું પ્રોવીઝનલ એડમીશન **R/S.C.A.5397 of 2022** તથા **R/S.C.A.5620 of 2022** ના નામદાર હાઇકોર્ટના અંતિમ આદેશ/ચુકાદાને આધીન રહેશે.

૩. ઉપરોકત ઉમેદવારો પોતાના કોલલેટર (પ્રવેશપત્ર/હોલટિકીટ) ઓજસ પ્લેટફોર્મ ઉપરથી તા.૧૧-૦૫-૨૦૨૨ (૧૩-૦૦ કલાક)થી તા.૨૨-૦૫-૨૦૨૨ (૧૫-૦૦ કલાક)ના સમયગાળા દરમ્યાન ઓનલાઇન ડાઉનલોડ કરી શકશે અને પ્રિન્ટ મેળવી શકશે. તેમજ ઉપરોકત પૈકી કોઇ ઉમેદવારનો કોલલેટર ઓનલાઇન ડાઉનલોડ ન થાય તો આવા ઉમેદવારે મંડળની કચેરીનો રુબરુ સંપર્ક કરી, પોતાના કોલલેટર મેળવી લેવાનો રહેશે,જેની સબંધિત ઉમેદવારોએ નોધ લેવી.

૪. નામદાર હાઇકોર્ટના **R/S.C.A.5397 of 2022** અને **R/S.C.A.5620 of 2022** ના ઓરલ ઓર્ડર તા.૧૬/૦૩/૨૦૨૨ અને તા. ૧૭/૦૩/૨૦૨૨ અન્વયે ઉપરોકત ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રોવીઝનલ એડમીશન આપવાથી કોઇ હકક/અધિકાર ઉપરોકત ઉમેદવારની તરફેણમાં થયેલ હોવાનું ગણાશે નહિ, પરંતુ ઉપરોકત ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષામાં આપવામાં આવેલ પ્રોવીઝનલ એડમીશન અને આગળની ભરતી પ્રક્રિયા નામદાર હાઇકોર્ટના અંતિમ આદેશ/ચુકાદાને આધીન રહેશે.

“મંડળના આદેશાનુસાર”

તા.૧૨/૦૪/૨૦૨૨ સચિવ